GJNV010026212025

Presented on : 28-08-2025
Registered on : 28-08-2025
Decided on : 20-03-2026
Duration : 00-06-20

***Exhibit No.92***

***FORM - A***

IN THE COURT OF
ADDITIONAL DISTRICT & SESSIONS JUDGE, NAVSARI

Present: C.G. MEHTA - Special (POCSO) Judge & Additional Sessions Judge

20TH March, 2026

Sp (POCSO) Case No. 12/2025

Navsari Rural Police Station Part B
Cr.R.No.11822021251248/2025

| | |
|---|---|
| Complainant: | State of Gujarat |
| REPRESENTED BY | Learned A.P.P. Mr.B.G. GUPTA |
| ACCUSED: | JIGARBHAI ALIAS BHAYLU MANUBHAI RATHOD, TALAV FALIYU, VACHHARVAD, TA. DIST. NAVSARI |
| REPRESENTED BY | Advocate Mrs.J.R. PATEL for Accused |

***FORM - B***

| | |
|---|---|
| Date of Offence | 14-01-2015 to June 2025 |
| Date of FIR | 19-07-2025 |
| Date of Chargesheet | 28-08-2025 |
| Date of Framing of Charges | 23-09-2025 |
| Date of commencement of evidence | 29-09-2025 |
| Date on which judgment is reserved | - |
| Date of the Judgment | 20-03-2026 |
| Date of the Sentencing Order, if any | -- |

## ***Accused Details***

| Rank of the Accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offences charged with | Whether Acquitted or Convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of section 428, Cr. PC |
|---|---|---|---|---|---|---|---|
| 1 | JIGAR BHAI ALIAS BHAYLU MANU BHAI RATHOD | 20-07-2025 | - | Sec.64(2)(I)(M), 65(1) of THE BHARATIYA NYAY SANHITA, 2023 & Sec. 4, 6 of PROTECTION OF CHILDREN FROM SEXUAL OFFENCES ACT, 2012 | Acquitted | -- | 20-07-2025 to Date of Judgment |

## ***FORM - C***

**ચુકાદાના પેરા–પમાં દર્શાવેલ છે.**

## –::– <u>ચુકાદો</u> –::–

**1.** ફરિયાદ પક્ષનાં કેસની હકીકત ધ્યાને લેતાં, નામદાર સર્વોચ્ચ અદાલતે નિપુન સકસેના વિ. યુનિયન ઓફ ઈન્ડીયા – ૨૦૧૯(૧) એ.સી.આર., ૬૬૩ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં આપેલ નિર્દેશન મુજબ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ની કલમ–૩૩(૭) મુજબ ભોગ બનનારની ઓળખ

જાહેર ન થાય તે માટે ચુકાદામાં તેનું નામ અને વર્ણન દર્શાવવાના બદલે માત્ર ''ભોગ બનનાર'' તરીકે જ ઉલ્લેખ કરવામાં આવેલ છે.

**2.** સદર કામની ફરિયાદ ભોગ બનનારના માતાનાઓએ આરોપીની વિરૂધ્ધ તા.૧૯–૭–૨૦૨૫ ના રોજ નોંધાવેલી. ફરિયાદ નોંધાવવામાં આવી તેમાં ભોગ બનનારની જન્મ તારીખ: ૧૯–૪–૨૦૧૨ની જણાવેલ છે.

સદર કામે ફરિયાદ પક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદીની નાની પુત્રી જે ૧૩ વર્ષ, ૦૩ માસની ઉંમરની ભોગ બનનાર સગીર વયની હોવાનું આરોપી જાણતા હોવા છતાં આરોપીએ તા.૧૪–૦૧–૨૦૨૫ પહેલાથી જૂન ૨૦૨૫ દરમિયાનમાં તળાવ ફળિયામાં આવેલ શાહેદ કેયુર જગદંબાપ્રસાદ મિશ્રાના ગોડાઉનમાં તથા બાદમાં અંબાડાની નહેર ઉપર, મંદિરની પાછળ અલગ અલગ દિવસોએ લઈ જઈ સગીરા ભોગ બનનારની મરજી વિરુધ્ધ જબરજસ્તીથી અવારનવાર શરીરસંબંધ બાંધી સંભોગ બળાત્કાર કરી ગર્ભધારણ કરાવીને ગુનો કરેલ.

સદર બનાવની ફરિયાદીનાઓએ નવસારી રૂરલ પોલીસ ઈન્સ્પેકટરનાઓ સમક્ષ તા.૧૯–૭–૨૦૨૫ નાં રોજ ફરિયાદ નોંધાવેલી, જે નવસારી રૂરલ પોલીસ સ્ટેશન પાર્ટ–બી ગુ.ર.નં.૧૧ ૮૨૨૦૨૧૨૫૧૨૪૮/૨૦૨૫થી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ– ૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ– ૪ તથા ૬ મુજબના ગુના અંગેની નોંધવામાં આવેલી.

સદરહુ ફરિયાદ તપાસ અર્થે સબંધીત તપાસ કરનાર અમલદારને સોંપવામાં આવતા સબંધીત ત.ક.અમલદારે તપાસના અંતે હાલના આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ– ૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ– ૪ તથા ૬ મુજબનાં ગુનાઓ અંગેનું ચાર્જશીટ અત્રેની સ્પે. પોકસો કોર્ટમાં રજૂ કરાતાં, ઉપરોકત નંબરેથી દાખલ થયેલ છે.

**3.** આરોપી સામે દાખલ થયેલ ચાર્જશીટમાં જણાવેલ છે કે, આરોપીએ ભોગ બનનાર સગીરાની ઉંમર નાની હોવાનુ જાણતો હોવા છતાં બળજબરીથી લઈ જઈ તેણીની મરજી વિરુધ્ધ અલગ અલગ જગ્યાએ અવાર નવાર શરીરસંબંધ બાંધી બળાત્કાર કરીને ગર્ભધારણ કરાવીને આરોપીએ ચાર્જશીટમાં જણાવ્યા મુજબનો ગુનો કરેલ છે.

**4.** સદરહુ કામના આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર રહેતા આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલ વિનામૂલ્યે આપી તા.૨૩–૦૯–૨૦૨૫નાં રોજ આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ– ૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ની કલમ– ૪ તથા ૬ મુજબના ગુનાઓ અંગેનું તહોમતનામું આંક–૦૫ થી ફરમાવી, આંક–૦૬ થી આરોપીનું નિવેદન લેતાં આરોપીએ ગુનો કબુલ નહિ હોવાનું જણાવતા સદર કેસની ન્યાયિક ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**5.** ફરિયાદ પક્ષ તરફે આરોપી વિરુધ્ધનું સદર આંક–૦૫ નું તહોમતનામું નિ:શંકપણે પુરવાર કરવા નીચે મુજબનાં મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રેકર્ડ ઉપર રજૂ કરેલ છે.

***FORM - C***

***LIST OF WITNESSES***

A. Prosecution Witnesses

| RANK | EXHIBIT | NAME | NATURE OF EVIDENCE |
|---|---|---|---|
| PW1 | P9 | ફરિયાદી | ભોગ બનનારની માતા |
| PW2 | P11 | ભોગ બનનાર સગીરા | ફરિયાદીની સગીર પુત્રી |
| PW3 | P17 | જીગ્નેશકુમાર નાનુભાઈ આહીર | પંચશાહેદ (ગુનાવાળી જગ્યાનુ પંચનામું, આરોપીની શરીરસ્થિતિનુ પંચનામું, ભોગ બનનારના કપડા કબજે કર્યાનુ પંચનામું) |
| PW4 | P37 | ડો.અતુલ જીવરાજભાઈ કનેરીયા | ભોગ બનનારની મેડીકલ તપાસણી કરનાર ડોકટર |
| PW5 | P49 | ડો.મેહુલ ગીરીશકુમાર બરૂવાલા | આરોપીની મેડીકલ તપાસણી કરનાર ડોકટર |
| PW6 | P63 | ડો.રણધીરકુમાર રામશરણ નિરાલા | ભોગ બનનારની મેડીકલ તપાસણી કરનાર ડોકટર |
| PW7 | P69 | પો.ઈ.હિરલબેન રેખાબેન બારોટ | ત.ક.અમલદાર |

B. Defence Witnesses - તપાસેલ નથી.

C. Court Witnesses - તપાસેલ નથી.

## *LIST OF EXHIBITS*

A. Prosecution Exhibit

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1. | Exhibit P10/PW1 | ફરિયાદ / પ્રથમ માહિતી અહેવાલ |
| 2. | Exhibit P12/PW2 | ભોગ બનનારનું ભા.ના.સુ.સંહિતા ૨૦૨૩ની કલમ– ૧૮૩ મુજબનું નિવેદન તથા પત્ર |
| 3. | Exhibit P13/- | ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રની યાદી |
| 4. | Exhibit P14/- | ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર તથા પત્ર |
| 5. | Exhibit P15/- | ભોગ બનનારના લીવીંગ સર્ટિફિકેટની યાદી |
| 6. | Exhibit P16/- | ભોગ બનનારના શાળા છોડયાનો દાખલો |
| 7. | Exhibit P18/PW3 | ભોગ બનનારે બનાવવાળી જગ્યા બતાવ્યાનુ પંચનામું |
| 8. | Exhibit P19/PW3 | આરોપીની શરીરસ્થિતિ તથા કપડા કબજે કર્યાનુ પંચનામું |
| 9. | Exhibit P20/PW3 | ભોગ બનનારના કપડા કબજે કર્યાનુ પંચનામું |
| 10. | Exhibit P38/PW4 | ભોગ બનનારની તપાસવા માટેની યાદી |
| 11. | Exhibit P39/PW4 | સર્ટિફિકેટ ઓફ એકઝામીનેશન ઓફ વીકટીમ |
| 12. | Exhibit P40/PW4 | ભોગ બનનારનુ ડીસ્ચાર્જ કાર્ડ |
| 13. | Exhibit P41/PW4 | ભોગ બનનારની પ્રાથમિક તપાસનુ પ્રમાણપત્ર |
| 14. | Exhibit P42/PW4 | ભોગ બનનારને ગર્ભનો સોનોગ્રાફી રિપોર્ટ |
| 15. | Exhibit P43/PW4 | ભોગ બનનારના ભૃણના ડી.એન.એ. સેમ્પલ માટેની યાદી |
| 16. | Exhibit P44/PW4 | ભોગ બનનારના ભૃણને એફ.એસ.એલ. |

| | | |
|---|---|---|
| | | સુરત ખાતે મોકલ્યાનુ ફોર્મ |
| 17. | Exhibit P45/PW4 | ભૃણની માતાનુ બ્લડ સેમ્પલ એફ.એસ. એલ. સુરતને મોકલ્યાનુ ફોર્મ |
| 18. | Exhibit P46/PW4 | ભોગ બનનારની માતાની સંમતિનુ ફોર્મ સી |
| 19. | Exhibit P47/PW4 | ભોગ બનનારના ગર્ભપાત માટેનુ ફોર્મ–૧ |
| 20. | Exhibit P48/PW4 | ભોગ બનનારને ડીસ્ચાર્જ કર્યાનો પત્ર |
| 21. | Exhibit P50/PW5 | આરોપીની મેડીકલ તપાસ બાબતે યાદી |
| 22. | Exhibit P51/PW5 | આરોપીનો ઓ.પી.ડી. કેસ પેપર્સ |
| 23. | Exhibit P52/PW5 | આરોપીનુ એમ.એલ.સી. |
| 24. | Exhibit P53/PW5 | આરોપીના મેડીકલ સેમ્પલો મોકલવાની યાદી |
| 25. | Exhibit P54/PW5 | આરોપીના બ્લડ સેમ્પલો એફ.એસ.એલ. તરફ મોકલવાની યાદી |
| 26. | Exhibit P55/PW5 | આરોપી જતીનના ઓ.પી.ડી. કેસ પેપર્સ |
| 27. | Exhibit P56/PW5 | આરોપી જતીનનુ એમ.એલ.સી. |
| 28. | Exhibit P57/PW5 | આરોપી જતીનના સેમ્પલો મોકલવાની યાદી |
| 29. | Exhibit P58/PW5 | આરોપી જતીનના બ્લડ સેમ્પલો એફ. એસ.એલ. તરફ મોકલવાની યાદી |
| 30. | Exhibit P59/PW5 | આરોપી ફેનીલના ઓ.પી.ડી. કેસ પેપર્સ |
| 31. | Exhibit P60/PW5 | આરોપી ફેનીલનુ એમ.એલ.સી. |
| 32. | Exhibit P61/PW5 | આરોપી ફેનીલના સેમ્પલો મોકલવાની યાદી |
| 33. | Exhibit P62/PW5 | આરોપી ફેનીલના બ્લડ સેમ્પલો એફ.એસ.એલ. તરફ મોકલવાની યાદી |
| 34. | Exhibit P64/PW6 | ભોગ બનનારની મેડીકલ તપાસ કરવાની યાદી |
| 35. | Exhibit P65/PW6 | ભોગ બનનારનો ઓ.પી.ડી. કેસ પેપર્સ |
| 36. | Exhibit P66/PW6 | ભોગ બનનારનુ એમ.એલ.સી. |
| 37. | Exhibit P67/PW6 | ભોગ બનનારના સેમ્પલો મોકલવાની યાદી |
| 38. | Exhibit P68/PW6 | ભોગ બનનાના બ્લડ સેમ્પલો મોકલવાની યાદી |
| 39. | Exhibit P70/PW7 | ભોગ બનનારનું ભા.ના.સુ.સંહિતા ૨૦૨૩ની કલમ– ૧૮૩ મુજબનું નિવેદન |

| | | |
|---|---|---|
| | | નોંધવાની યાદી |
| 40. | Exhibit P71/PW7 | સરકારી પંચો મેળવવા બાબતેની યાદી |
| 41. | Exhibit P72/PW7 | કલમ– ૬૩(૪)(સી) મુજબનુ સર્ટીફિકેટ |
| 42. | Exhibit P73/PW7 | કલમ– ૬૩(૪)(સી) મુજબનુ સર્ટીફિકેટ |
| 43. | Exhibit P74/PW7 | ભોગ બનનારનુ મેડીકલ સર્ટીફિકેટ બાબતની યાદી |
| 44. | Exhibit P75/PW7 | ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવાની યાદી |
| 45. | Exhibit P76/PW7 | ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવાની યાદી |
| 46. | Exhibit P77/PW7 | એફ.એસ.ઈન્વે. વાનને ગુનાના સ્થળ પરીક્ષણ અહેવાલ આપવાની યાદી |
| 47. | Exhibit P78/PW7 | એફ.એસ.ઈન્વે.વાને આપેલ ગુનાનાં સ્થળ પરીક્ષણનો અહેવાલ |
| 48. | Exhibit P79/PW7 | મુદામાલ એફ.એસ.એલ.માં મોકલવાની રવાનગી નોંધ |
| 49. | Exhibit P80/PW7 | મુદામાલ એફ.એસ.એલ.માં મોકલવાની રવાનગી નોંધ |
| 50. | Exhibit P81/PW7 | મુદામાલ એફ.એસ.એલ.માં મોકલવાની રવાનગી નોંધ |
| 51. | Exhibit P82/PW7 | મુદામાલ એફ.એસ.એલ.માં મળ્યાની પહોંચ |
| 52. | Exhibit P83/PW7 | મુદામાલ એફ.એસ.એલ.માં મળ્યાની પહોંચ |
| 53. | Exhibit P84/PW7 | મુદામાલ એફ.એસ.એલ.માં મળ્યાની પહોંચ |
| 54. | Exhibit P85/PW7 | મુદામાલ એફ.એસ.એલ.માં મળ્યાની પહોંચ |
| 55. | Exhibit P86/PW7 | બાયોલોજીકલ તથા સીરોલોજીકલ પરીક્ષણ અહેવાલ |
| 56. | Exhibit P87/PW7 | ડી.એન.એ. પરીક્ષણ અહેવાલ |
| 57. | Exhibit P88/PW7 | ડી.એન.એ. પરીક્ષણ અહેવાલ |
| 58. | Exhibit P89/PW7 | બાયોલોજીકલ પરીક્ષણ અહેવાલ |

B. Defence Exhibit - કઈ નથી.

C. Court Exhibit - કઈ નથી.

D. Material Objects -

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| **1.** | Exhibit P21/PW3 | મુ.આ.નં.૧ની પંચોની સહીવાળી સ્લીપ |
| **2.** | Exhibit P22/PW3 | મુ.આ.નં.૨ની પંચોની સહીવાળી સ્લીપ |
| **3.** | Exhibit P23/PW3 | મુ.આ.નં.૩ની પંચોની સહીવાળી સ્લીપ |
| **4.** | Exhibit P24/PW3 | મુ.આ.નં.૪ની પંચોની સહીવાળી સ્લીપ |
| **5.** | Exhibit P25/PW3 | મુ.આ.નં.૫ની પંચોની સહીવાળી સ્લીપ |
| **6.** | Exhibit P26/PW3 | મુ.આ.નં.૬ની પંચોની સહીવાળી સ્લીપ |
| **7.** | Exhibit P27/PW3 | મુ.આ.નં.૭ની પંચોની સહીવાળી સ્લીપ |
| **8.** | Exhibit P28/PW3 | મુ.આ.નં.૮ની પંચોની સહીવાળી સ્લીપ |
| **9.** | Exhibit P29/PW3 | મુ.આ.નં.૯ની પંચોની સહીવાળી સ્લીપ |
| **10.** | Exhibit P30/PW3 | મુ.આ.નં.૧૦ની પંચોની સહીવાળી સ્લીપ |
| **11.** | Exhibit P31/PW3 | મુ.આ.નં.૧૧ની પંચોની સહીવાળી સ્લીપ |
| **12.** | Exhibit P32/PW3 | મુ.આ.નં.૧૨ની પંચોની સહીવાળી સ્લીપ |
| **13.** | Exhibit P33/PW3 | મુ.આ.નં.૧૩ની પંચોની સહીવાળી સ્લીપ |
| **14.** | Exhibit P34/PW3 | મુ.આ.નં.૧૪ની પંચોની સહીવાળી સ્લીપ |
| **15.** | Exhibit P35/PW3 | મુ.આ.નં.૧૫ની પંચોની સહીવાળી સ્લીપ |

**6.** ફરિયાદ પક્ષનો સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર રજૂ કર્યા બાદ વિદ્વાન એ.પી.પી.શ્રીનાઓ દ્વારા આંક–૯૦ થી ડ્રોપીંગ પુરસીસ તથા આંક–૯૧ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરી તેઓ વધુ કોઈ પુરાવો રજૂ કરવા માંગતા નથી તેવુ જાહેર કરેલ. ત્યારબાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ હેઠળ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરીને, ''અમો નિર્દોષ ઈસમ છે મારા ઉપર ખોટો કેસ કરી ખોટી

રીતે મારી ધરપકડ કરી ચાર્જશીટ કરેલ છે'', તેમ વિશેષમાં જણાવેલ છે. પરંતુ આરોપીએ બચાવમાં શાહેદો તપાસેલ નથી અને સોગંદ ઉપર જુબાની આપેલ નથી.

**7.** ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી બી.જી. ગુપ્તાનાઓની દલીલો સાંભળવામાં આવી, તેઓએ દલીલમાં મુખ્યત્વે રજૂઆત કરેલ છે કે, આ કામે ભોગ બનનાર સગીર હોવા બાબતે રજૂ પુરાવા જોઈએ તો, ભોગ બનનારનું જન્મનુ પ્રમાણપત્ર જે આરોપી તરફે કબૂલ કરેલ હોઈ, ભોગ બનનાર બનાવ સમયે સગીર વયની હોવા બાબતે કોઈ તકરાર નથી.વધુમાં આ કામે ભોગ બનનારનો પુરાવો તથા ફરિયાદીનો પુરાવો જોતા તેમણે ફરીયાદપક્ષનાં કેસને સમર્થન આપેલ નથી. આ કામે ભોગ બનનારનું નિવેદન મેજીસ્ટ્રેટશ્રી રૂબરુ લેવાયેલ છે જે આ કામે રજુ થયેલ છે તેમજ ભોગ બનનારે ડોકટરશ્રી સમક્ષ જણાવેલ હીસ્ટ્રીની વિગતોને પણ સમર્થન આપેલ નથી. આમ છતાં આ કામે રજુ થયેલ મેજીસ્ટ્રેટશ્રી સમક્ષનું નિવેદન, ડોકટરશ્રી દ્વારા રજુ થયેલ કેસ પેપસ તેમજ એફ.એસ.એલ.નો ડી.એન.એ.રીપોર્ટથી ફરીયાદપક્ષનો કેસ પુરવાર થાય છે તેમજ આ પુરાવાને ડોકટર સાહેદ દ્વારા તથા ત.ક. અધિકારી દ્વારા સમર્થન મળેલ છે. આમ, ફરિયાદ પક્ષ આરોપી સામે આક્ષેપીત ગુનો સાબિત કરવામાં સફળ રહેલ હોવાનું ઠરાવી આરોપીને આક્ષેપીત ગુનામાં તકસીરવાર ઠરાવવા અરજ છે.

**8.** આરોપી તરફે વિદ્વાન સુશ્રી જે.આર. પટેલનાઓએ મુખ્યત્વે એવી રજૂઆત કરેલ છે કે, આરોપીને આ ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. આ કામે ફરિયાદી અને ભોગ બનનાર તથા શાહેદોના પુરાવાને

ધ્યાને લઈએ તો તેઓએ ફરિયાદ પક્ષની હકીકતને બિલકૂલ સમર્થન આપેલ નથી. ફરિયાદી તથા ભોગ બનનારના પુરાવા સાથે મેડીકલ શાહેદોનો તથા ત.ક.અમલદારશ્રીનો પુરાવો વંચાણે લેતા રજુ પુરાવાને ભોગ બનનાર તથા ફરીયાદીનાં પુરાવાથી રજુ પુરાવાના આધારે સમર્થન મળતુ ન હોય આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોય, આરોપીને શંકાનો લાભ આપવા દલીલ કરેલ છે.

**9.** ઉપરોકત રજૂઆતને લક્ષમાં લેતાં, આ કેસનાં નિર્ણય સારુ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:–

મુદ્દા નં.૧: શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હતી ?

મુદ્દા નં.૨: શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરિયાદીની નાની પુત્રી જે ૧૩ વર્ષ, ૦૩ માસની ઉંમરની ભોગ બનનાર સગીર વયની હોવાનું આરોપી જાણતા હોવા છતાં આરોપીએ તા.૧૪–૦૧–૨૦૨૫ પહેલાથી જૂન ૨૦૨૫ દરમિયાનમાં તળાવ ફળિયામાં આવેલ શાહેદ કેયુર જગદંબાપ્રસાદ મિશ્રાના ગોડાઉનમાં તથા બાદમાં અંબાડાની નહેર ઉપર, મંદિરની પાછળ અલગ અલગ દિવસોએ લઈ જઈ સગીરા ભોગ બનનારની મરજી વિરુધ્ધ જબરજસ્તીથી અવારનવાર શરીરસંબંધ બાંધી સંભોગ બળાત્કાર કરી ગર્ભધારણ કરાવીને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ની કલમ– ૪ તથા ૬ મુજબ શિક્ષા પાત્ર ગુનાઓ કરેલ છે?

મુદ્દા નં.૩: શું હુકમ?

**10.** ઉપરોકત મુદ્દાઓના આ કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧: હકારાત્મક.

મુદ્દા નં.૨: નકારાત્મક.

મુદ્દા નં.૩: આખરી હુકમ મુજબ.

**કારણો**

**મુદ્દા નં.૧:–**

**11.** ફરિયાદ પક્ષે બનાવ સમયે ભોગ બનનાર સગીર હતી તે પુરવાર કરવા માટે ભોગ બનનારની માતાનો પુરાવો આંક: ૯, ફરિયાદ આંક: ૧૦, ભોગ બનનારનો પુરાવો આંક: ૧૧ તેમજ ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર તથા ભોગ બનનારની શાળા છોડયા બાબતનો દાખલો જે આરોપી તરફે કબૂલ રાખતાં અનુક્રમે આંક: ૧૪ તથા ૧૬ થી રજૂ છે તે પુરાવાઓને ધ્યાને લઈએ તો, ભોગ બનનારની જન્મ તારીખ. ૧૯–૦૪–૨૦૧૨ની દર્શાવેલી છે અને તે તમામ પુરાવાને ધ્યાને લેતાં, ભોગ બનનારનો જન્મ તારીખ: ૧૯–૦૪–૨૦૧૨ ના રોજ થયેલ હોવાનું પુરાવામાં રેકર્ડ ઉપર આવેલ છે.

આમ, ભોગ બનનારના જન્મ અંગે આંક: ૧૪ વાળુ ભોગ

બનનારનું જન્મ પ્રમાણપત્ર જે કબીલપોર નવસારી મ્યુનિસિપલ કોર્પોરેશનના સબ રજિસ્ટ્રારે આપેલ છે તથા ભોગ બનનારના શાળા છોડયા બાબતનો દાખલો જે કુરેલ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકનાએ આપેલ છે જેને આરોપી તરફે કબૂલ રાખેલ હોઈ, સદર

ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રમાં તેણીની જન્મ તા.૧૯–૦૪–૨૦૧૨ની દર્શાવેલ છે. તેથી ભોગ બનનારની ઉંમર બાબતનો સચોટ અને સંતોષકારક પુરાવો રજૂ થયેલ છે. જે સંજોગોમાં ફરિયાદ પક્ષ બનાવ અરસામાં ભોગ બનનાર સગીર હતી તે રેકર્ડ ઉપર લાવવામાં સફળ રહેલ છે.

**12.** આમ, ફરિયાદ પક્ષ ભોગ બનનારની જન્મ તારીખ: ૧૯–૦૪–૨૦૧૨ની છે તે પુરવાર કરવામાં સફળ રહેલ છે. જયારે બનાવ તા.૧૪–૧–૨૦૨૫ મકરસક્રાંતી પહેલાથી જૂન ૨૦૨૫ દરમિયાનમાં બનેલ હોઈ, બનાવ તારીખે ભોગ બનનાર સગીર વયની હતી તે ફરિયાદ પક્ષ પુરવાર કરવામાં સફળ રહેલ હોઈ, મુદ્દા નં.૧નો જવાબ હકારમાં ઠરાવેલ છે.

**મુદ્દા નં.૨:–**

**13.** ઉપરોકત સમગ્ર રજૂઆત અને દલીલો મુજબ આ કામે ફરિયાદ પક્ષના કેસને ધ્યાને લઈએ તો, આ તબકકે આ અદાલત જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨ની જોગવાઈઓ તેનો હેતુ અને ઉદેશ્ય લક્ષમાં લેતાં, એક કુમળી વયની બાળકી ઉપર જાતિય હુમલો અને જાતિય સતામણી આચરાયેલનો આ કેસ છે અને આ કાયદો ભોગ બનનનાર સગીરાનું જાતિય શોષણ કરતા આરોપીને અટકાવવા માટેનો છે.

**14.** આ કામે ઈન–કેમેરા જુબાની અને બાળકપ્રિય વાતાવરણમાં સ્પેશયલ જજશ્રીએ પુરાવો લીધેલ છે અને ખાસ કરીને જયારે બાળકીની જુબાની

પણ નોંધેલ છે ત્યારે બાળકીને સત્ય હકીકત જણાવવા માટે કોઈ દબાણ કે બીજા કોઈ બાહ્ય પરિબળોનો અંતરાય રહેલ ન હતો તેમ આ અદાલત માને છે.

**15.** હાલના કેસમાં આરોપી સામે જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ની જોગવાઈ મુજબના ગુનાનું તહોમત રહેલ છે ત્યારે સદરહુ કાયદાની કાનૂની જોગવાઈ મુજબ જયારે આવી વ્યકિત સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી જે સ્પેશયલ પોકસો કોર્ટથી કરેલ છે ત્યારે સદર કાયદાની કલમ– ૨૯ અને ૩૦ નીચે આવા ગુનાઓની સુનાવણી કરતી અદાલતે નીચે મુજબના કાયદેસરના અનુમાનો ફરિયાદ પક્ષના કેસના લાભમાં કરવાના છે જે નીચે મુજબ છે.

**<u>જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ની કલમ– ૨૯ અમુક ગુનાઓ અંગે માની લેવા બાબત.</u>**

જયાં કોઈ વ્યકિતને આ અધિનિયમ અન્વયેના કોઈ ગુનાને કરવાના અથવા તેવા ગુનાનું દુષ્પ્રેરણ કરવાના અથવા આવા ગુનાને કરવાના પ્રયત્ન કરવા માટે તેના ઉપર કાનૂની કાર્યવાહી કરવામાં આવે ત્યારે સ્પેશ્યલ કોર્ટ સમક્ષ જયાં સુધી તેનાથી વિરુધ્ધનું સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી એવુ માની લેવામાં આવશે કે, આવા વ્યકિતએ યથા પ્રસંગ, એવો ગુનો કરેલ છે, દુષ્પ્રેરણ કરેલ છે, અથવા આવા ગુનાને કરવાનો પ્રયત્ન કરેલ છે.

**<u>જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ની કલમ– ૩૦ ગુનાહિત માનસિક સ્થિતિ અંગે માની લેવા બાબત.</u>**

આ અધિનિયમ અન્વયેના કોઈપણ ગુના માટે કોઈ પણ ઈન્સાફી કાર્યવાહીમાં કે જેમાં આરોપીની ગુનાહિત માનસિક સ્થિતિ આવશ્યક હોય ત્યારે સ્પેશ્યલ કોર્ટ આવી માનસિક સ્થિતિના અસ્તિત્વ અંગે અનુમાન કરશે. પરંતુ આરોપીને પોતાના બચાવમાં સાબિત કરવુ પડશે કે તેની માનસિક સ્થિતિ સાથે તેની સામે ચલાવવામાં આવતી ઈન્સાફી કાર્યવાહીમાં જે ગુના માટે તેના ઉપર તહોમત મૂકવામાં આવેલ છે, તેની સાથે તેની માનસિક સ્થિતિનો કોઈ સંબંધ રહેતો નથી.

આ અધિનિયમના હેતુઓ માટે કોઈ હકીકતની સાબિતી ત્યારે જ ગણવામાં આવશે કે જયારે સ્પશિયલ કોર્ટના મંતવ્ય મુજબ કોઈપણ શંકા સિવાય આવું થયા હોવા અંગે વિશ્વાસ હોય અને માત્ર ત્યારે નહિ જયારે તે બનવા હોવાની સંભાવનાની પ્રબળતા દ્વારા સ્થાપિત થયેલ હોય.

**16.** આમ, ઉપરોકત ફોજદારી કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફોજદારી કેસમાં આરોપી સામેનો ગુનો સ્પષ્ટપણે અને નિ:શંક રીતે પડેલ પુરાવાથી પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું અનુમાન કરવાનું છે અને આરોપી સામેની સાબિતીનો ભાર ફરિયાદ પક્ષ ઉપર રહેલો છે. ફરિયાદપક્ષે સંપૂર્ણ અને સજ્જડ પુરાવો આપવાનો છે અને આરોપીએ તો માત્ર મૌન જ રાખવાનું છે. આરોપીના કેસની નબળાઈનો લાભ ફરિયાદપક્ષ ઉઠાવી શકે નહિ. ફોજદારી કેસમાં પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે અદાલતે એક મેન્ટલ પ્રોસેસ કરવાની હોય છે અને પુરાવાનું મૂલ્યાંકન કરવાનું હોય છે. દરેક કેસનું પરિણામ

પોતાની હકીકત, પડેલ પુરાવો તેમજ કેસના ગુણદોષ ઉપર આધારીત હોય છે અને પુરાવાના મૂલ્યાંકન બાબતે કાયદામાં કોઈ પ્રક્રિયા જણાવવામાં આવેલી નથી. પુરાવાની ગુણવત્તા અને શાહેદોની વિશ્વસનીયતા કોર્ટે ધ્યાનમાં રાખવાની છે અને કેટલા જથ્થામાં પુરાવો છે તે હકીકત અગત્યની નથી. માત્ર એક જ માનવાલાયક શાહેદના પુરાવાના આધારે પણ જે તે કેસમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે અને તેના માટે જથ્થાબંધ પુરાવો રજૂ કરવાનુ ફરિયાદ પક્ષે કોઈ જરૂરી નથી.

**નામદાર સુપ્રિમ કોર્ટે કુંજ વિ. સ્ટેટ ઓફ તામીલનાડુ, એ.આઈ.આર. ૨૦૦૮ (સુપ્રિમ કોર્ટ) ૧૩૧૧ નાં પેરા: ૧૧માં તથા રાજનારાયણસીંગ વિ. સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ તથા અન્ય ૨૦૦૯ ક્રિમીનલ લો રીપોર્ટર (સુપ્રિમ કોર્ટ) ૮૨૧નાં પેરા: ૨૦** માં સ્પષ્ટપણે એમ ઠરાવેલ છે કે, ભારતીય પુરાવા અધિનિયમની કલમ– ૧૩૪ મુજબ કોઈ કેસમાં માત્ર એક જ નજરે જોનાર શાહેદ હોય અને માત્ર તે એક જ નજરે જોનાર શાહેદની જુબાની માનવાલાયક, વિશ્વસનીય અને સત્ય હકીકતવાળી જણાતી હોય તો અને તપાસની કસોટી ઉપર તે જુબાની ખરી ઉતરતી હોય તો માત્ર એક જ શાહેદની જુબાનીના આધારે પણ આરોપીને ખૂન કેસમાં તકસીરવાન ઠરાવી શકાય તેમ છે, આવા કેસમાં અન્ય શાહેદોનો પુરાવો મેળવવો જરૂરી નથી. એક જ શાહેદની જુબાનીમાં અમુક માનવાલાયક અને અમુક ન માનવાલાયક હોય તો જ સમર્થનકારક પુરાવો જરૂરી થઈ પડે, અન્યથા આવા સમર્થનકારક પુરાવાની કોઈ જરૂર નથી.

હવે, આરોપી સામે આક્ષેપાયેલ ઉપરોકત ગુનાના તહોમત માટેની કાનૂની જોગવાઈઓ લક્ષમાં રાખી સદર કામે ફરિયાદ પક્ષે રજૂ કરેલ સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન નીચે મુજબ કરવામાં આવે છે.

**17.** ફરિયાદ પક્ષના પુરાવાની સમીક્ષા કરતા પહેલા એ નોંધવુ આવશ્યક છે કે, તપાસવામાં આવેલા શાહેદો પૈકી જો ભોગ બનનાર એકલાનો પુરાવો વિશ્વનીય જણાતો હોય તો તેને આધારે પણ આરોપીને આક્ષેપીત ગુના માટે તકસીરવાર ઠરાવી શકાય. સાથે સાથે નોંધવુ આવશ્યક છે કે, સાક્ષીનો પુરાવો વિશ્વસનીય અને શંકારહિત હોવો જોઈએ. કોર્ટ તેના પુરાવાને વિશ્વસનીય માની સજા કરી શકે તે રીતેનો પુરાવો રજૂ થયો હોવો જોઈએ.

**18.** આ કામે ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે સાત શાહેદોને તપાસેલા છે જે પૈકી આંક: ૯થી ભોગ બનનારની માતાને શાહેદ નં.૧ તરીકે તપાસેલા છે. તેઓએ પુરાવો આપેલ છે તે મુજબ, તેઓને સંતાનમાં ત્રણ દીકરીઓ પૈકી સૌથી નાની ભોગ બનનાર છે. બનાવમાં ફેનીલ તેઓના ઘર આગળ આંટા ફેરા કરતો હોય બોલાચાલી થયેલી, આ સિવાય બીજુ કંઈ બનેલ નહિ. આ બનાવ અંગે ફરિયાદ તેઓએ પાંચ છ મહિના પહેલા આપેલી, તેમાં તેઓની સહી છે જે આંક: ૧૦થી રજૂ કરેલ છે.  વધુમાં ફરિયાદીએ પુરાવો આપેલ છે કે, તેઓની દીકરી ભોગ બનનાર સાથે કોઈ ઈસમોએ બદકામ કરેલ હોય અને તેના કારણે તેણીને તકલીફ પડેલ હોય અને તે અંગે સારવાર કરાવેલ હોય તેવુ બનેલ નથી. એવુ પણ બનેલ નથી કે, કોઈ ઈસમોના કારણે તેણીને ગર્ભ રહી ગયેલ હોય. વધુમાં તેઓએ આરોપી જીગરને ઓળખી બતાવી

જણાવેલ છે કે, જે તેઓના ફળિયામાં રહેતો હોય ઓળખે છે. આ ફરિયાદીએ ફરિયાદ પક્ષની હકીકતને સમર્થન આપેલ ન હોઈ, તેઓને હોસ્ટાઈલ જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ ઉલટ તપાસ કરવા છતાં ફરિયાદ પક્ષને લેશમાત્ર સમર્થન મળે તેવો પુરાવો આપેલ નથી.

આ ભોગ બનનારની માતા ફરિયાદીની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલી છે તે તપાસતાં તેઓએ કબૂલ રાખેલ છે કે, તેઓની દીકરીએ તેઓને કોઈ હકીકત જણાવેલી નથી, તેઓએ સરતપાસમાં જે હકીકત જણાવેલી છે તે સિવાય બીજી કોઈ હકીકત પોલીસને જણાવેલ નહિ, આરોપીએ તેઓની દીકરી સાથે કોઈ બદકામ કરેલ નથી, ફરિયાદમાં શુ લખેલ છે તે તેઓને ખબર નથી અને ડોકટરે કયા કાગળ ઉપર તેઓની સહી લીધેલી તેની તેઓને ખબર નથી.

આમ, ફરિયાદીએ ફરિયાદ હકીકતને કે દાકતરી પુરાવાને સમર્થન મળે તેવો લેશમાત્ર પુરાવો આપેલ નથી.

**19.** આ કામે આંક: ૧૧ થી ભોગ બનનાર સગીરાને શાહેદ નં.૨ તરીકે તપાસવામાં આવેલ છે, તેણીનો પુરાવો તપાસીએ તો સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આજથી કેટલા વર્ષ પહેલા બનેલો તેની તેણીને ખબર નથી. ફરિયાદ ફેનીલ નામનો છોકરો તેણીના ઘરની આજુ બાજુ આંટાફેરા માતો હોય તેણીની માતાની તેણીની જોડે બોલાચાલી થતા હાલની ફરિયાદ તેણીની માતાએ ફરિયાદ આપેલી. વધુમાં જણાવેલ છે કે, તેણીની સાથે ફેનીલે, જીગરે કે જતીને બદકામ કરેલ હોય તેવુ બનેલ નથી. તેણીને જજ સાહેબ, નવસારી

પાસે લઈ ગયેલા અને ત્યાં માત્ર તેણીની સહી કરાવેલી. પોલીસ તેણીને કોઈ હોસ્પિટલે સારવાર માટે લઈ ગયેલ હોય તેવુ બનેલ નથી. પોલીસે તેણીની પૂછપરછ કરેલ અને તેણીએ પોતાના પહેરેલ કપડા પોલીસને આપેલા હોય તેવુ બનેલ નથી. વધુમાં ભોગ બનનારની હાજરીમાં કોર્ટ રૂબરૂ ''ભોગ બનનારનુ બી.એન.એસ.એસ.ની કલમ– ૧૮૩ મુજબનુ નિવેદન'' લખેલ સીલબંધ સ્થિતિમાં કવર ખોલીને તેમાંથી નીકળેલ ખાનગી જા.નં.૨૦/૨૦૨૫, તા.૨–૮–૨૦૨૫ના ભોગ બનનારના બી.એન.એસ.એસ.ની કલમ– ૧૮૩ મુજબના નિવેદન નવસારીના ઈ.ચા. ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ શ્રીનાઓના ફોરવર્ડીંગ લેટર તથા પ્રમાણપત્ર અને નિવેદન કુલ પાંચ પાના ભોગ બનનારને બતાવતાં તે જોઈને નિવેદન પૂર્ણ થતાં ભોગ બનનારે પોતાની સહી ઓળખી બતાવેલ, જેને સંયુકત આંક: ૧૨થી રજૂ કરેલ છે. વધુમાં ભોગ બનનારે આરોપી જીગરને ઓળખી બતાવી તે તેણીના ફળિયામાં રહેતો હોય ઓળખે છે તેમ જણાવેલ છે. વધુમાં ભોગ બનનારને મુ.આ.નં.૧૦ ટોપ, નં.૧૧ હાફ કેપ્રી, નં.૧૨ નીકર, નં.૧૩ ફ્રોક, નં.૧૪ કેપ્રી અને નં.૧૫ નીકર બતાવતાં તે કપડા તેણીના નથી તેમ જણાવેલ છે. વધુમાં તેણીએ ડોકટર સાહેબને કોઈ બનાવ વિશે જાણ કરેલી નહિ હોવાનુ જણાવેલ છે. આ ભોગ બનનાર ફરિયાદ પક્ષની હકીકતને સમર્થન આપતો પુરાવો આપતા ન હોઈ, તેઓને હોસ્ટાઈલ જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ ઉલટ તપાસ કરતાં ઉલટ તપાસમાં પણ ફરિયાદ પક્ષને સમર્થન મળે તેવો લેશમાત્ર પુરાવો આપેલ નથી.

આ ભોગ બનનારની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ જોતા, તેણીએ કબૂલ રાખેલ છે કે, તેણીને જયારે જજ સાહેબ સમક્ષ લઈ ગયેલા ત્યારે પોલીસ તેણી સાથે હતી, જજ સાહેબ સામે શુ નિવેદન લખાવુ તે પોલીસે તેણીને સમજાવેલુ, પોલીસે તેણીને જે સમજાવેલ તે મુજબનો કોઈ બનાવ તેણીની સાથે બનેલ નથી, દવાખાનામાં તેણીને ડોકટરે કશુ જ પુછેલુ નથી કે તેણીએ ડોકટરને કંઈ કહેલુ કે લખાવેલુ નથી. વધુમાં તેણીએ કબૂલ રાખેલ છે કે, આરોપી જીગર, ફેનીલ અને જતીને તેણીની સાથે કોઈ શરીર સંબંધ બાંધેલ નથી કે તેણીને કોઈ ધમકી આપેલ નથી, દવાખાનામાં ડોટકરે તેણીના શરીર ઉપરથી કે શરીરમાંથી કોઈ સેમ્પલો લીધેલા નહિ, આવો કહેવાતો કોઈ બનાવ બનેલ ન હોવાથી તેણીની માતા જોડે પણ બનાવ વિશે કોઈ વાતચીત કરેલ નથી.

આમ, ખુદ ભોગ બનનારે ફરિયાદ હકીકતને કે દાકતરી પુરાવાને સમર્થન મળે તેવો લેશમાત્ર પુરાવો આપેલ નથી.

**20.** આ કામે ભોગ બનનારે બતાવ્યા મુજબના બનાવવાળા સ્થળના પંચનામાંના તથા આરોપીની શરીરસ્થિતિ તથા કપડા કબજે કર્યાના પંચનામાંના તથા ભોગ બનનારના કપડા કબજે કર્યાના પંચનામાંના પંચશાહેદ જીગ્નેશકુમાર નાનુભાઈ આહીરને આંક: ૧૭થી શાહેદ નં.૩ તરીકે તપાસેલા છે, તેઓએ સરતપાસનાં પુરાવામાં આ ત્રણેય પંચનામાંઓની હકીકતને સમર્થન આપતો પુરાવો આપેલ છે. તેઓના પુરાવામાં ભોગ બનનારે બતાવ્યા મુજબના બનાવવાળા સ્થળના પંચનામાંને આંક: ૧૮ તથા આરોપીની શરીરસ્થિતિ તથા કપડા

કબજે કર્યાના પંચનામાંને આંક: ૧૯થી તથા ભોગ બનનારના કપડા કબજે કર્યાના પંચનામાંને આંક: ૨૦થી રજૂ કરેલ છે તેમજ આંક: ૨૧થી ૩૫ હેઠળ કબજે કરેલ મુદ્દામાલ સાથેની પંચોની સહીવાળી સ્લીપો રજૂ કરેલ છે. વધુમાં આ પંચ શાહેદે આરોપી જીગરને ઓળખી બતાવેલ છે.

આ પંચશાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસનો પુરાવો તપાસીએ તો તેઓએ સ્વીકાર કરેલ છે કે, પંચમાં રહેવા માટે તેઓને તેમના ઉપરી અધિકારીએ આદેશ કરેલ, પંચમાં રહેવા તેઓની ફરજના ભાગરૂપે ગયેલા, પોલીસે પંચનામામાં જે પ્રમાણે લખેલ હોય તે મુજબની જુબાની ન આપીએ તો ખાતાકીય કાર્યવાહી પણ થઈ શકે.

આમ આ પંચશાહેદના પુરાવાથી ફરિયાદ પક્ષે ઉપરોકત આંક: ૧૮,૧૯ અને ૨૦ના પંચનામાંઓની હકીકતને સમર્થન મળે છે, પરંતુ તેઓના પુરાવાની સાથે ભોગ બનનાર અને ફરિયાદીના પુરાવાને વંચાણે લઈએ તો પંચનામાંઓની હકીકતને ફરિયાદી તથા ભોગ બનનારે બિલકુલ સમર્થન આપેલ નથી.

**21.** આ કામે ભોગ બનનારની દાકતરી સારવાર કરનાર ડો.અતુલ જીવરાજભાઈ કનેરીયાને આંક: ૩૭થી શાહેદ નં.૪ તરીકે તપાસેલ છે. તેઓનો પુરાવો તપાસીએ તો તેઓ સમક્ષ ભોગ બનનાર સી.એચ.સી. અંબાડાની રીફર યાદી સાથે આવેલા અને તે યાદી આંક: ૩૮થી રજૂ કરેલ છે, તે યાદી મુજબ ભોગ બનનારને ગર્ભ હતો અને પેટમાં દુ:ખાવાની ફરિયાદ હતી અને ડો.હીમાની પટેલે પ્રાથમિક સારવાર કરેલી અને તેઓ તરફ તેણીને વધુ તપાસ અર્થે મોકલી આપેલ. આ

ડોકટરે આપેલા પુરાવા મુજબ ભોગ બનનારે બનાવ બાબતેની હીસ્ટ્રી જાતે પોતાના અક્ષરોમાં સર્ટીફિકેટ ઓફ એકઝામીનેશન ઓફ વીકટીમમાં તેઓની રૂબરૂ લખેલી અને તેમાં તેણીએ ડાબા હાથનાં અંગુઠાનુ નિશાન તથા તેણીની માતાની સહી કરેલ જેમાં તેઓના આસિસ્ટંટ ડો.દીપીકા ભોયાની સહી છે તે આંક: ૩૯થી રજૂ કરેલ છે. વધુમાં તેઓએ ભોગ બનનારનુ ડીસ્ચાર્જ કાર્ડ આંક: ૪૦ થી ભોગ બનનારની પ્રાથમિક તપાસણી અંગેનુ સર્ટીફિકેટ ડો.હીમાની પટેલે આપેલ તેમાં ડો.હીમાનીની સહી તથા હોદાનો સિકકો છે તે આંક: ૪૧ થી રજૂ કરેલ છે. વધુમાં ભોગ બનનારને ગર્ભ છે કે નહિ તે અંગે સચોટ માહિતી મેળવવા માટે તેણીની સોનોગ્રાફી કરાવેલ તેનો રિપોર્ટ ભરેલ ફોર્મ એફ' સાથે સંયુકત આંક: ૪૨થી રજૂ કરેલ છે. વધુમાં ભોગ બનનારના ભૃણના જરૂરી ડી.એન.એ. સેમ્પલ મેળવવાની યાદી તેઓને મળેલી તે આંક: ૪૩થી અને તે યાદી મુજબ તેઓએ ડી.એન. એ. પ્રોફાઈલીંગ કરી ભૃણને યોગ્ય રીતે સીલ કરી ફોર્મ ભરેલ તે ફોર્મ અસલ આંક: ૪૪થી તથા ભૃણની માતાનુ બ્લડ સેમ્પલ ડી.એન.એ. પ્રોફાઈલીંગ સારુ લઈ તે લોહી યોગ્ય રીતે સીલ કરી ફોર્મ ભરેલ તે અસલ ફોર્મ આંક: ૪૫ થી રજૂ કરેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, ભોગ બનનારના ગર્ભનો ગર્ભપાત કરેલ તે માટે તેણીની માતાની ફોર્મ સી ઉપર સંમતિ મેળવેલ તથા ગર્ભપાત કરવા માટે ફોર્મ નં.૧ તેઓના આસિસ્ટંટ ડો.દીપીકા ભોયા દ્વારા ભરવામાં આવેલ તે અનુક્રમે આંક: ૪૬ અને ૪૭થી રજુ કરેલ છે. વધુમાં તેઓએ જે કાઈ સારવાર ભોગ બનનારને આપેલ અને તેણીને ડીસ્ચાર્જ કરેલ તે અંગે પોલીસને

પત્રથી જાણ કરેલ તેમાં તેઓની સહી તથા હોદાનો સિકકો છે તે આંક: ૪૮ થી રજૂ કરેલ છે.

આ ડોકટરની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારના શરીરે બળાત્કાર થયેલ હોય તેવા કોઈ બાહ્ય ઈજાના નિશાનો જણાયેલ નહિ.

આમ, આ ડોકટરની જુબાનીથી ભોગ બનનારના શરીરે બળાત્કાર થયેલ હોય તેવા કોઈ બાહ્ય ઈજાના નિશાનો હોવાનુ જણાયેલ નથી.

**22.** આ કામે ભોગ બનનારની વધુ દાકતરી તપાસ કરનાર ડો.રણધીર કુમાર રામશરણ નિરાલાને આંક: ૬૩થી શાહેદ નં.૬ તરીકે ફરિયાદ પક્ષે તપાસેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, ભોગ બનનારને પોકસો કાયદા મુજબ મેડીકલ તપાસ કરવાની યાદી સાથે તેઓ સમક્ષ લાવેલા, તેમાં રીસીવ કરનાર તરીકે તેઓની સહી છે તે યાદી આંક: ૬૪ થી રજૂ કરેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, ભોગ બનનારનો ઓ.પી.ડી. કેસ કઢાવેલ અને તેણીની લેખિત અને મૌખિક સંમતિ મેળવેલ તે કેસ પેપર્સ આંક: ૬૫થી રજૂ કરેલ છે. વધુમાં તેઓએ ભોગ બનનારને બનાવ બાબતેની હીસ્ટ્રી પૂછતાં તેણીએ જણાવેલ કે, ''તેણી અપરણીત અને આઠમું પાસ હતી અને ઘરકામ કરતી હતી. જીગર, જતીન અને ફેનીલ તેના બાળપણના મીત્રો હતા અને તેઓ એક જ ફળીયામાં રહેતા હતા. જીગર પરણીત હતો અને તેને એક બાળક હતુ. જીગરની ઉંમર આશરે ૨૫ વર્ષ હતી. જતીન અને ફેનીલ અપરણીત અને તેઓ બંને છુટક મજુરી કરતા હતા. જીગર ગેસ

સીલીન્ડર સપ્લાયનુ કામ કરતો હતો. સને–૨૦૨૫ ના વર્ષમાં મકર સક્રાંતીના ચાર–પાંચ દીવસ પહેલા જીગરે ફોન કરીને તેણીને ગામની ગેરેજ પાસે બોલાવેલ. તેણી ત્યાં પહોંચેલી ત્યારે જીગરે તેણી સાથે ગેરેજનુ રૂમ લોક કરી જબરજસ્તીથી શારીરીક સબંધ બાંધેલો અને તેણીને મારેલ અને કહેલ કે, કોઈને કહેતી નહી, આ બનાવના પંદર દીવસ પછી જીગરે તેણીને ફોન કરેલો અને અંબાડા નહેર પાસે બોલાવેલી અને ત્યારે ભોગબનનાર સાથે તેણીની મરજી વિરૂધ્ધ બીજી વાર શરીર સબંધ બાંધેલો. ત્યારબાદ ઘણીવાર જીગરે તેણી સાથે તેણીની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધેલા. જીગરે જતીન અને ફેનીલને આ સબંધ બાબતે માહીતી આપેલી. જેથી જતીને ભોગ બનનારને જણાવેલ કે, જો તુ મારી સાથે શારીરીક સબંધ ન બાંધે તો, જીગર અને તારા સબંધ વિશે તારા માતા–પિતાને જણાવી દઈશ. ભોગ બનનાર એક દીવસ જતીનના ઘરે જતીનની બહેનને ઘરકામ માટે મળવા ગયેલ પરંતુ ત્યારે જતીનની બહેન ત્યાં ન હતી અને જતીન ઘરે હાજર હતો તે દીવસે જતીને ભોગબનનાર સાથે તેણીની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધેલો અને તેના બાર દીવસ પછી જતીનના ઘરે બીજી વાર જતીને તેણીની મરજી વિરૂધ્ધ તેણી સાથે શરીર સબંધ બાંધેલો. ત્યારબાદ ફેનીલે તેણીને બ્લેકમેઈલીંગ કરવાનુ શરૂ કરેલુ અને કહેલુ કે, તારા જીગર અને જતીન સાથેના સબંધની જાણ હું તારા મા–બાપ તથા ફળીયાના અન્ય માણસોને કરી દઈશ. એક દીવસ ભોગબનનાર પોતાના કઝીન ભાઈના ત્યાં ગયેલી અને તે જોઈને ફેનીલ પણ ત્યાં ગયેલો. ત્યાં તેણીનો કઝીન હાજર ન હતો તે દરમ્યાન ફેનીલ અને ભોગબનનાર ઘરે એકલા હતા ત્યારે ફેનીલે ભોગ બનનાર સાથે

તેણીની મરજી વિરૂધ્ધ શારીરીક સબંધ બાંધેલો'' તે મુજબની હીસ્ટ્રી તેઓએ લખી લીધેલી. તેઓએ ભોગ બનનારની તપાસણી કરીને એમ.એલ.સી. આપેલ તેમાં તેઓના હસ્તાક્ષર અને સહી તથા હોદાનો સિકકો છે તે આંક: ૬૬થી રજૂ કરેલ છે. વધુમાં તેઓએ ભોગ બનનારના સેમ્પલો મેળવીને તે એફ.એસ.એલ.માં મોકલવાની યાદી કરેલી તેની ઓફિસ કોપી આંક: ૬૭થી રજૂ કરેલ છે. વધુમાં તેઓએ બ્લડ સેમ્પલો ડી.એન.એ. પ્રોફાઈલીંગ માટે એફ.એસ.એલ.માં મોકલવાની યાદી તૈયાર કરેલ તેની ઓફિસ કોપી આંક: ૬૮થી રજૂ કરેલ છે.

આ ડોકટરની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ તપાસીએ તો તેઓએ એ સ્વીકારેલ છે કે, ભોગ બનનારના શરીરે કોઈ બાહય કે આંતરિક ઈજાના નિશાનો જણાયેલ નહિ.

આમ, આ ડોકટરના પુરાવાથી પણ ભોગ બનનારના શરીરે કોઈ બાહય કે આંતરિક ઈજાના નિશાનો જણાવેલા નથી.

**23.** આ કામે આરોપીની મેડીકલ તપાસ કરનાર ડો.મેહુલ ગીરીશકુમાર બરૂવાલાને આંક: ૪૯થી શાહેદ નં.૫ તરીકે તપાસેલા છે, તેઓના પુરાવા ઉપરથી આરોપીને તેઓની સમક્ષ લાવેલા તેની યાદી તેમણે રીસીવ કરેલી તે આંક: ૫૦થી રજૂ કરેલ છે. તેઓએ આરોપી જીગરનો ઓ.પી.ડી. કેસ કઢાવેલ અને તેની લેખિત તથા મૌખિક સંમતિ મેવેલ તે કેસ પેપર્સ આંક: ૫૧થી રજૂ કરેલ છે. તેઓએ બનાવ બાબતે આરોપીને હીસ્ટ્રી પૂછતાં તેઓએ જણાવેલ જે તેઓએ નોંધી લીધેલ અને જે મુજબ તેઓ ત્રણ માણસો અને ભોગ બનનાર તેઓની શેરીની

અંદર એક જ લાઈનમાં રહેતા હતા અને એકબીજાને સારી રીતે ઓળખતા હતા. ભોગ બનનાર આરોપી(જીગર)ના ઘરે વારંવાર આવતી હતી અને તેની (જીગર) પત્ની સાથે વારંવાર વાતચીત કરતી હતી અને આરોપી સાથે વારંવાર ફલર્ટીંગ કરતી હતી. એક દીવસ આરોપી નહેરની નજીક ગામના છેવાડે ગયા હતા અને ત્યારે ભોગ બનનાર પણ તેની સાથે ગઈ હતી અને તેની બાજુમાં બેસેલી હતી અને આરોપી અને ભોગ બનનારે એકબીજા સાથે ઘણો લાંબો સમય સુધી વાતો કરી હતી અને તે દીવસે આરોપીએ ભોગ બનનારને શરીરસબંધ બાંધવા માટે કનવીન્સ કરેલી. જેથી ભોગ બનનાર માનેલી અને આરોપી સાથે ગયેલી અને ત્યારે તેઓએ એક વાર શરીર સંબધ નહેરની પાસે બાંધેલો. આ શરીર સબંધ બે–ત્રણ માસ પહેલા બંધાયેલો હતો. જે મુજબની હીસ્ટ્રી તેઓએ લખેલી. વધુમાં જણાવેલ છે કે, તેઓના અભિપ્રાય મુજબ આરોપી શારીરિક સંબંધ બાંધવા સક્ષમ હતો. વધુમાં તેઓએ આરોપીની તપાસણી કર્યા બાદ એમ.એલ.સી. આપેલ જેમાં તેઓના હસ્તાક્ષર અને સહી તથા હોદાનો સિકકો છે તે આંક: ૫૨થી રજૂ છે. વધુમાં આરોપીના સેમ્પલો મેળવીને તે એફ.એસ.એલ.માં મોકલવાની યાદી કરેલી તેની ઓફિસ કોપી આંક: ૫૩થી રજૂ કરેલ છે. વધુમાં તેઓએ આરોપીના બ્લડ સેમ્પલો ડી.એન.એ. પ્રોફાઈલીંગ માટે એફ.એસ.એલ.માં મોકલવાની યાદી તૈયાર કરેલ તેની ઓફિસ કોપી આંક: ૫૪થી રજૂ કરેલ છે. વધુમાં આ ડોકટરે આરોપી જીગરને કોર્ટમાં ઓળખી બતાવેલ છે.

આ ડોકટરની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસનો પુરાવો તપાસીએ તો તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે,

આરોપીના શરીરે કોઈ બાહ્ય કે આંતરિક ઈજાના નિશાનો જણાયેલ નહિ અને આરોપીને તેઓની સમક્ષ પોલીસ જાપ્તા સાથે લાવવામાં આવેલા હતા.

આમ,આ ડોકટરના પુરાવાથી આરોપી શારીરિક સંબંધ બાંધવા સક્ષમ હતો અને તેના શરીર ઉપર કોઈ બાહ્ય કે આતરિક ઈજાના નિશાનો જણાયેલ નહતા.

**24.** આ કામે ત.ક.અમલદાર પી.આઈ. હીરલબેન રેખાબેન બારોટને શાહેદ નં.૭ તરીકે આંક: ૬૯થી તપાસેલ છે તેઓએ ફરિયાદ પક્ષની હકીકતને અને પોતાની તપાસને સમર્થન મળે તેવો પુરાવો આપેલ છે. તેઓએ ભોગ બનનારનું ભા.ના.સુ.સંહિતા ૨૦૨૩ની કલમ– ૧૮૩ મુજબનું નિવેદન નોંધવાની યાદી આંક: ૭૦થી, સરકારી પંચો મેળવવા બાબતેની યાદી આંક: ૭૧થી, કલમ– ૬૩(૪)(સી) મુજબનું સર્ટિફિકેટ આંક: ૭૨ અને ૭૩, ભોગ બનનારનુ મેડીકલ સર્ટિફિકેટ બાબતની યાદી આંક: ૭૪, ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવાની યાદી આંક: ૭૫ અને ૭૬, એફ.એસ.ઈન્વે. વાનને ગુનાના સ્થળ પરીક્ષણ અહેવાલ આપવાની યાદી આંક: ૭૭, એફ.એસ.ઈન્વે. વાને આપેલ ગુનાના સ્થળ પરીક્ષણનો અહેવાલ આંક: ૭૮, મુદામાલ એફ.એસ.એલ.માં મોકલવાની રવાનગી નોંધ આંક: ૭૯ થી ૮૧, મુદામાલ એફ.એસ.એલ.માં મળ્યાની પહોંચ આંક: ૮૨ થી ૮૫, બાયોલોજીકલ તથા સીરોલોજીકલ પરીક્ષણ અહેવાલ આંક: ૮૬, ડી. એન.એ.પરીક્ષણ અહેવાલ આંક: ૮૭ અને ૮૮ તથા બાયોલોજીકલ પરીક્ષણ અહેવાલ આંક: ૮૯થી રજૂ કરેલા છે.

આ ત.ક.અમલદાર પી.આઈ.ની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસનો પુરાવો તપાસીએ તો તેઓએ આરોપી તરફે કરવામાં આવેલ સૂચનોનો ઈન્કાર કરીને ફરિયાદ પક્ષની હકીકતોને વળગી રહેલ છે.

**25.** આમ સમગ્ર પુરાવાને ધ્યાને લેતાં, આ કેસ ગંભીર પ્રકારનો છે અને બનાવ સમયે પીડીતાની વય માત્ર ૧૩ વષ" અને ૩ માસની હતી જે બાબત ગુનાને વધુ ગંભીર બનાવે છે. પીડીતા સાથે આરોપીએ અવાર નવાર શરીર સબંધ બાંધી બળાત્કાર કરી ગર્ભ ધારણ કરાવ્યાનો આક્ષેપ છે. આ પ્રકારનાં કેસોમાં પીડીતાના નિવેદનને સુરક્ષિત તેમજ ખાનગી રાખવા તેમજ પીડીતા કોઈ પણ જાતનાં ભય વગર અને સંકોચ વગર પોતે સ્વતંત્ર પુરાવો આપી શકે તે માટે કાયદાના વિવિધ પ્રબંધો કરવામાં આવેલ છે. આ કામે પીડીતાનું નિવેદન માનનીય મેજીસ્ટ્રેટ સમક્ષ નોંધવામાં આવેલ હતુ તેમજ તબીબી તપાસ દરમ્યાન બનાવ સબંધીત પીડીતાએ જણાવેલી વિગતો નોંધવામાં આવેલ હતી. પરંતુ આ કેસમાં પુરાવા દરમ્યાન પીડીતા તેમજ ફરીયાદી દ્વારા તેમના પુર્વ નિવેદનોને સમર્થન આપવામાં આવેલ નથી. તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને પીપીશ્રીની ઉલટ તપાસ દરમ્યાન પણ મેજીસ્ટ્રેટ રૂબરૂના નિવેદન તેમજ સારવાર દરમ્યાન જણાવેલ હકીકતોને સમર્થન આપેલ નથી. આ સંજોગોમાં ફરીયાદપક્ષનાં મહત્વના કહી શકાય તેવા સાહેદો દ્વારા જ ફરીયાદપક્ષનાં કેસની મુળભુત હકીકતોને નકારવામાં આવેલ છે. આથી ફરીયાદપક્ષનાં આધાર સ્વરૂપ પુરાવાને જ સમર્થન મળેલ નથી.

**25.1** ફોજદારી ન્યાય વ્યવસ્થા મુજબ ફરીયાદપક્ષે પોતાનો ગુનો શંકાથી પર સાબિત કરવાનો રહે છે.ત.ક.અધીકારી તેમજ તબીબી અધીકારીનાં પુરાવા સહાયક સ્વરૂપના ગણાય અને તેવા પુરાવાને સ્વતંત્ર અને વિશ્વસનીય પુરાવાથી સમર્થન મળવુ જરૂરી ગણાય.

**25.2** આ પ્રકારનાં કેસોમાં પીડીતા જ્યારે પોતાના નિવેદનને જ સમર્થન ન આપે ત્યારે કોર્ટની પોતાની મર્યાદા ઉભી થાય છે અને કોર્ટે ભાવનાત્મક પરીબળને અવગણીને રજુ થયેલ પુરાવાની વિશ્વસનીયતાનાં આધારે નિર્ણય લેવાનો રહે છે. જ્યારે પીડીતા જ હોસ્ટાઈલ જાહેર થાય ત્યારે તેને કારણે ગંભીર પ્રકારનાં કેસોનાં અંતિમ નિર્ણયને અસર થાય છે અને તેનાથી ન્યાય પ્રક્રીયા પ્રભાવિત થાય છે. આમ છતા કોર્ટે કાયદાની મર્યાદામાં રહીને પોતાનો નિર્ણય આપવાનો રહે છે.

**25.3** હાલનાં કેસમાં રેકર્ડ ઉપર એફ.એસ.એલ.અહેવાલ મુજબ ડી. એન.એ.સબંધીત વૈજ્ઞાનિક પુરાવો ઉપલબ્ધ છે જે આરોપીની સંડોવણીનો નિર્દેશ કરતો પ્રત્યક્ષ પુરાવો છે. આમ છતાં, આ પુરાવાને મુખ્ય કહી શકાય તેવા સાહેદ દ્વારા સમર્થન મળેલ ન હોય તેના પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**25.4** પોકસો અધિનિયમની કલમ–૨૯ અને ૩૦ હેઠળ વિરૂધ્ધ અનુમાનની જોગવાઈ થયેલ છે પરંતુ ફરીયાદ પક્ષ પોતાના કેસની મુળભુત હકીકતોજ સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય આરોપી વિરૂધ્ધ સદર કલમો મુજબ વિરૂધ્ધનું અનુમાન થઈ શકે નહી. આથી તમામ બાબતો લક્ષમાં લેતાં આરોપી શંકાનો લાભ મેળવવા હકકદાર થતા હોવાની આરોપી તરફેની દલીલમાં તથ્ય જણાય છે.

**25.5** તે સંજોગોમાં, ફરિયાદ પક્ષ આરોપીએ બનનાર સગીર વયની હોવાનું જાણતા હોવા છતાં આરોપીએ તા.૧૪–૦૧–૨૦૨૫ પહેલાથી જૂન ૨૦૨૫ દરમિયાન અલગ અલગ દિવસોએ લઈ જઈ સગીરા ભોગ બનનારની મરજી વિરુધ્ધ જબરજસ્તીથી અવાર નવાર શરીર સંબંધ બાંધી સંભોગ બળાત્કાર કરી ગર્ભધારણ કરાવીને હાલનો ગુનો કરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ, મુદા નં.૨ નો જવાબ નકારમાં ઠરાવેલ છે.

**<u>મુદ્દા નં.૩</u>:–**

**26.** ઉપરોકત મુદ્દા નં.૧ અને ૨ માં વિસ્તૃત ચર્ચા કરી તે મુજબ મુદ્દા નં.૩ અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે:–

**–::– હુ ક મ –::–**

(૧) આરોપી– જિગરભાઈ ઉર્ફે ભચલુ મનુભાઈ રાઠોડને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ– ૨૫૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ– ૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ– ૪ તથા ૬ મુજબના સજા પાત્ર ગુનામાં શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવવામાં આવે છે.

(૨) આરોપીને અન્ય કોઈ ગુનાના કામે જરૂરત ન હોય તો તાત્કાલિક જેલ મુકત કરવો.

(૩) સદર ચુકાદા સામે નામદાર હાઈકોર્ટમાં અપીલ થાય તો તેમાં હાજર રહેવા માટે આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ: ૪૩૭–એ મુજબ રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) નાં જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કરવા.

(૪) મુદ્દામાલ અપીલ સમય બાદ ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) સદર કામની હકીકત જોતાં ભોગ બનનારને વળતર અંગેનો કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આજ તા.૨૦મી માર્ચ, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૦.૦૩.૨૦૨૬
સ્થળ : નવસારી.

**(ચિન્મય. જી. મહેતા)**
**સ્પેશિયલ (પોકસો) જજ,**
**એડિશનલ સેશન્સ કોર્ટ,**
**નવસારી.કોડ નં.જીજે૦૦૫૩૪**

સંરદ

*Addl. District Judge, Navsari*